| PUBLICATION NAME : | Gujarat Samachar (plus) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 25/04/24 |
| PAGE : | 1 |

ગુજરાત સમાચાર

THURSDAY
25 April, 2024

Page : 01

plus

### ઈડીઆઈઆઈએ ૪૨મા સ્થાપના દિવસની ઉજવણી કરી

# દરેક દાયકા સાથે ઉદ્યોગસાહસિકતામાં પરિવર્તન આવ્યું છે

ઈડીઆઈઆઈએ તાજેતરમાં તેના ૪૨મા સ્થાપના દિવસની ઉજવણી કરી હતી. આ પ્રસંગમાં મુખ્ય અતિથિ તરીકે મેઘાલય સરકારના સ્ટેટ ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડના એક્ઝિક્યુટિવ ચેરમેન તેમજ ઈડીઆઈઆઈ બોર્ડના સભ્ય આઈએએસ રામ મોહન મિશ્રા, જીટીયુના વાઈસ ચાન્સેલર ડૉ.રાજુલ ગજ્જર ઉપસ્થિત રહ્યા હતા. રામ મોહન મિશ્રાએ તેમના વકતવ્યમાં કહ્યું કે, ઉદ્યોગ સાહસ એક ચળવળથી ઓછું નથી અને ઈડીઆઈઆઈ એ ચળવળની પહેલી કરી છે. આજે આપણે બધા એક નવા યુગના પ્રારંભને જોઈ રહ્યા છીએ. વિશ્વ આજે ઉદ્યોગસાહસિકતાની ક્ષમતાને ઓળખતું થયું છે. આપણી પાસે સાનુકૂળ નીતિઓ, ગ્લોબલ ટેકનોલોજી અને માર્કેટ તેમજ નાણાકીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને બેસ્ટ એન્વાયરમેન્ટ ઉપલબ્ધ છે.

ઈડીઆઈઆઈના ડારેક્ટર સુનિલ શુક્લાએ કહ્યું કે, દરેક દાયકા સાથે ઉદ્યોગસાહસિકતામાં પરિવર્તન આવ્યું છે. દરેક બદલાતા યુગ સાથે ઈડીઆઈઆઈએ પોતાના માપદંડોની પુનઃવિચારણા કરી કે યોગ્ય તકની ઓળખ કરવાને એન્ટરપ્રિન્યોર બનાવવામાં યોગદાન આપ્યું છે.

આ ઉપરાંત ડૉ. શૈલેન્દ્ર નારાયણે કહ્યું કે, ઈડીઆઈઆઈ સંસ્થાને લીધે દેશમાં મોટા પ્રમાણમાં ઉદ્યોગસાહસિકતા વિશે જાગૃતતા ફેલાઈ છે તથા યુવાનો-યુવતીઓમાં જોખમ ઉઠાવાની તૈયારી આવી છે.